# મહેકમ-૨/એચ.બી.એ શાખા

**બોર્ડ તેમજ ક્ષેત્રિય કચેરીમાં ફરજ બજાવતા અધિકારી/કર્મચારીઓએ બોર્ડ કક્ષાએથી લીધેલ મકાન પેશગીના વ્યાજની ગણતરી,!!ના લ્હેણાં પ્રમાણપત્ર!! શિક્ષાત્મક દંડ,મકાન ગીરોમુકત કરવા તેમજ દસ્તાવેજો પરત કરવા અંગેની કાર્યવાહીની વિગત**

**કોને લાભ મળી શકે**

બોર્ડ/સરકારશ્રી દવારા ભરતી કરવામાં આવેલ બોર્ડ કક્ષાએ તેમજ બોર્ડ હસ્તકની ક્ષેત્રિય કચેરીઓમાં ફરજ બજાવતા કાયમી અધિકારી/કર્મચારીઓને મકાન પેશગી મળવાપત્ર થાય.પરંતુ અત્યારે પેશગી મંજુર કરવાની કાર્યવાહી બોર્ડ કક્ષાએથી બંધ કરેલ છે.પરંતુ જે અધિકારી/કર્મચારીઓએ તૈયાર મકાન/મકાન બાંધકામ પેશગી લીધેલ હોય તેવા અધિકારી/કર્મચારીઓની મકાન પેશગીની મુદ્દલ પુર્ણ થતાં વ્યાજ ગણતરી કરી વ્યાજના આદેશ કરવા તેમજ દસ્તાવેજો રજુ કરેલ ન હોયતો શિક્ષાત્મક દંડકરવાની કાર્યવાહી તથા મુદ્દલ તેમજ વ્યાજ પુર્ણ થયેલ હોય તેવા અધિકારી/કર્મચારીઓને !!ના લ્હેણાં પ્રમાણપત્ર!! તેમજ અસલ દસ્તાવેજો પરત કરવાની કાર્યવાહી તથા મૃત્યુ પામેલ કર્મચારીની મકાન પેશગીની બાકી રકમ માંડવાળ કરવાની કાર્યવાહી કરવામાં આવે છે.

**દરખાસ્ત કરવાની પ્રક્રિયા**

બોર્ડ તેમજ ક્ષેત્રિય કચેરીએથી જે તે અધિકારી/કર્મચારીઓની મકાન પેશગીની મુદ્દલ પુર્ણ થયેલ હોય તેવાઅધિકારી/કર્મચારીઓની દરખાસ્ત જે તે કચેરીએથી ઝોન/વર્તુળ કચેરી મારફતે ભલામણસહ આવ્યેથી પ્રથમ હિસાબી શાખામાં મુદ્દલ પુરેપુરી ભરપાઇ થયેલ છે કે કેમ?તે અંગેની ચકાસણી કરી ત્યારબાદ મકાન પેશગીના દસ્તાવેજો રજુ કરેલ છે કે કેમ? તેની ચકાસણી કર્યા બાદ વ્યાજ તેમજ દંડનીય વ્યાજની ગણતરી કરી હિસાબીશાખામાં ખરાઇ કરાવી મુખ્ય વહીવટી અધિકારીશ્રીની મંજુરી મેળવી વ્યાજના આદેશ કરવામાં આવે છે.

**!!ના લ્હેણાં પમાણપત્ર,શિક્ષાત્મક દંડ,દસ્તાવેજો પરત કરવા અંગેની કાર્યવાહી અંગે**

!!ના લ્હેણાં પ્રમાણપત્ર!!ની જે તે ઝોન/વર્તુળ કચેરી મારફતે ભલામણ સહ દરખાસ્ત આવે અધિકારી/કર્મચારીની મુદ્દલ,વ્યાજ તેમજ દંડનીય વ્યાજની સંપુર્ણ રકમ ભરપાઇ થયેલ છે કે કેમ?તેની ચકાસણી હિસાબી શાખા પાસેથી કરાવી ત્યારબાદ મુખ્ય વહીવટી અધિકારીશ્રીની મંજુરી મેળવી!!ના લ્હેણાં પ્રમાણપત્ર!! તેમજ અસલ દસ્તાવેજો પરત કરવામાં આવે છે.

જે અધિકારી/કર્મચારીઓએ મકાનના દસ્તાવેજો રજુ કરેલ ન હોય તેવા અધિકારી/કર્મચારીનો ખુલાસો ખાતા મારફતે મેળવી પેશગીની રકમના ૨.૫૦ ટકા લેખે શિક્ષાત્મક દંડના આદેશ મુખ્ય વહીવટી અધિકારીશ્રીની સહીથી કરવામાં આવે છે.તે રકમ બોર્ડ કચેરીમા; ભરપાઇ કર્યા બાદ!!ના લ્હેણાં પ્રમાણપત્ર!! તેમજ અસલ દસ્તાવેજો પરત કરવામાં આવે છે.

**મકાન પેશગીની રકમ માંડવાળ કરવા બાબત**

મૃત્યુના પ્રમાણપત્ર સાથેની જે તે અધિકારી/કર્મચારીએ મકાન પેશગીની લીધેલ હોય તેવા અધિકારી/કર્મચારીનું આકિસ્મક અવસાન થાય ત્યારે ખાતા મારફતે દરખાસ્ત આવે તેમજ પેશગી લીધા બાદ મકાન ખરીદી/બાંધકામ જે હેતુસર મકાન પેશગી મંજુર કરવામાં આવેલ હોય તે મુજબ દસ્તાવેજો રજુ કરેલ હોય તેવા અિધકારી/કર્મચારીની બાકી મુદ્દલ,વ્યાજની હિસાબી શાખા પાસેથી ચકાસણી કરાવી બાકી મુદ્દલ તેમજ વ્યાજની રકમ માંડવાળ કરવા મુખ્ય વહીવટી અધિકારીશ્રીની સહીથી આદેશ કરવામાં આવે છે.જે રકમ બોર્ડની હિસાબી શાખાએથી સરભર કર્યા બાદ !! ના લ્હેણાં પ્રમાણપત્ર !! તેમજ દસ્તાવેજો પરત કરવામાં આવે છે.મૃત્યુ પામેલ કર્મચારીએ દસ્તાવેજો રજુ કરેલ ન હોય તો બાકી રહેતી પેશગીની રકમ કર્મચારીને મળતા અન્ય લાભોમાંથી વસુલ કરવાના આદેશ કરવામાં આવે છે.

**મકાન ગીરોમુકત કરવા માટે**

જે અધિકારી/કર્મચારીઓને મકાન પેશગીનીમુદ્દલ તેમજ વ્યાજની સંપુર્ણ રકમ ભરપાઇ થઇ ગયેલ હોય અને !!ના લ્હેણાં પ્રમાણપત્ર!! આપવામાં આવેલ હોય તેવા અધિકારી/કર્મચારીઓએ મકાન સબ.રજીસ્ટ્રાર કચેરીમાં ગીરોખત કરેલ હોય તે મકાન ગીરોમુકત કરવા માટે ફોર્મ નં.૨૪માં સંપુર્ણ વિગત ભરી ખાતા મારફતે ભલામણ સહ દરખાસ્ત મોકલવાની થાય.(સદર ફોર્મ નં.૨૪ વેબ સાઇડ ઉપર મુકવાનું થાય)જેમાં મુખ્ય વહીવટી અધિકારીશ્રીના સહીસીકકા તેમજ મુખ્ય વહીવટી અધિકારશ્રી વતી જે તે કચેરીના કર્મચારીને નિયુકત કરી જે તે સબ.રજીસ્ટ્રાર ની.કચેરીમાં દરખાસ્ત કરવામાં આવે છે.

આ સાથે પેન ડ્રાઇવમાં ૧ થી ૫ લોટમાં મંજુર કરેલ અધિકારી/કર્મચારીનું લીસ્ટ જેમાં !!ના લહેણાં પ્રમાણપત્ર!! દસ્તાવેજો પરત કરેલ તેમજ બાકી રહેલ અધિકારી/કર્મચારીનું લીસ્ટ તા.૨૩/૮/૨૦૧૩ સુધીનું કોમ્પ્યુટર શાખામાં આપવામાં આવે છે.